सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૨ – ૧૦ – ૨૦૧૮
નોંધણી તારીખ :– ૨૨ – ૧૦ – ૨૦૧૮
ફેંસલ તારીખ :– ૧૪– ૦૩ – ૨૦૨૬
સમયગાળો :– <u>વર્ષ– માસ– દિવસ</u>
૦૭ – ૦૪ – ૨૦

---

**મે. કલોલનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.**

---

**રેફરન્સ (ટી) કેસ નં.૬૮/૨૦૧૮**

**આંક ::– ૨૦**

કાળુભાઈ ભીખાભાઈ સોલંકી
રહે. મું.સંગપુરા, તા.દેત્રોજ, જિ.અમદાવાદ ..... **અરજદાર**

**વિરૂધ્ધ**

જોનશન કંટ્રોલ હીટાચી એરકન્ડીશનીંગ ઈ.લી.,
રહે. મું.કરણનગર, તા.કડી, જિ.મહેસાણા. ..... **સામાવાળા**

**બાબત ::– ઔધોગીક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત.**

---

**અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી કે.કે.વેકરીયા.**
**સામાવાળા સંસ્થા તર્ફે વિ.વ.શ્રી બી.એમ.શેઠ.**

---

## –:: ઠ રા વ ::–

(૧) હાલનાં કામે સદર કામે અરજદારને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમા પુન: સ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારું સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, મહેસાણાનાંઓના તા.૧૮/૧૦/૨૦૧૮ નાં હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે./૯૦/૨૦૧૮, તા.૧૮/૧૦/૨૦૧૮ નાં પત્રથી અત્રેની

અદાલતને મોકલવામાં આવેલ છે.

"કાળુભાઈ ભીખાભાઈ સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળજગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?"

**(૨)** ત્યારબાદ હાલનાં કામે પક્ષકારોને કાઢવામાં આવેલ નોટીસની તેઓને ધોરણસર બજવણી થઈ જતાં અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી કે.કે.વેકરીયાનાં મારફત હાજર થઈ, આંક–૧૦ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. સદર માંગણા નિવેદનની ટુંકમાં હકીકત એ છે કે, અરજદાર સામાવાળા કંપનીમાં આશરે ૫ વર્ષથી સીટ મેટલ ખાતામાં ઓપરેટર તરીકે કામગીરી કરતા હતા. સામાવાળા સંસ્થાએ અમોને ખોટા અને બનાવટી કારણો ઉપજાવી કાઢી તા.૦૫/૦૬/૨૦૧૭ ના રોજની ખુલાસાદર્શક નોટીસ આપી અને અમોને બચાવની તક આપ્યા સિવાય તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજથી લેખીત હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. જેથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત તથા આનુસાંગીક લાભો સહિત સળંગ સર્વિસથી મુળ જગ્યા ઉપર નોકરીમાં પુન:સ્થાપિત કરવા સામાવાળા સંસ્થાને હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

**(૩)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાને કાઢવામાં આવેલ નોટીશની ધોરણસર બજવણી થઈ જતાં તેઓ તર્ફે વિ.વ.શ્રી બી.એમ.શેઠનાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે અને આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી, સદર રેફરન્સ ખર્ચ સહીત રદ્દ ફરમાવવા વિનંતી કરેલ છે.

**(૪)** ત્યારબાદ આજરોજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીની સૂચનાથી આયોજીત કરવામાં આવેલ છે. હાલનાં કામે ચાલુ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન લોક અદાલતમાં આજરોજ પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થતાં પક્ષકારો તથા તેમનાં પ્રતિનિધિશ્રીની સહીઓ કરી, સંયુકત સમાધાન પુરશીશ રજુ થયેલ છે. સદર પુરશીશ બંને પક્ષકારોને વાંચી સંભળાવેલ છે અને બંને પક્ષકારનાંઓએ સદર સમાધાન પુરશીશ કબુલ મંજુર હોવાનું જણાવી, કોઈ પણ જાતનાં પ્રલોભન કે દાબ–દબાણ કે આવેશમાં આવ્યા સીવાય પોતાની સહીઓ કરેલ હોવાનું કબુલ રાખેલ છે. સદર પુરશીશમાં બંને પક્ષકારો તથા અરજદારનાં પ્રતિનિધિશ્રી દ્રારા સહી કરી, ઓળખ આપેલ હોય, સદર પુરશીશ હાલનાં કામે આંક–૧૯ થી રેકર્ડ કરવામાં આવેલ છે.

વધુમાં સદર આંક–૧૯ થી રજુ સમાધાન કરારમાં જણાવેલ છે કે,

"સામાવાળા સંસ્થાએ અરજદારને રૂા.૧,૨૫,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) ચેકથી ચુકવી આપેલ છે તેમ જણાવેલ છે. આમ, સદર સમાધાન કરારમાં જણાવેલ શરતો મુજબ સમાધાન કરેલ છે અને સમાધાન મુજબ કેસનો નિકાલ કરવાનું જાહેર કરેલ છે." જે ધ્યાને લઈ હાલનાં કામે આંક–૧૯ થી રજુ સમાધાન કરાર તથા ઉપલબ્ધ રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: **આખરી હુકમ** ::–

(૧) આથી હાલનાં કામે અરજદારની હાલનો રેફરન્સ કેસ સમાધાનથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– કલોલ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.
***JUDGE CODE : GJ01300***.

*સ્ટેનો: વી.વી.ચાવડા.*